દાંતીવાડાના સાતસણ ગામે ૧.૨૧ કરોડના દારૂના જથ્થાનો નાશ કરાયો

નાસ ટાણે ડીવાયએસપી અને પી.એસ.આઈ. મોબાઈલ ફોનમાં વિડીયો ઉતારવામાં મશગુલ હતા

દાંતીવાડા, તા. ૨૬

દાંતીવાડા તાલુકાના સાતસણ ગામે આજરોજ પાડવામાં આવ્યો હતો. જે પકડાયેલો જથ્થો કુલ નંગ ૬૦,૮૨૩ બોટલ પર બુલડોઝર ફેરવી તેનો નાશ કરવામાં આવ્યો હતો. આ સમયે જિલ્લાના એસ.ડી.એમ. બી.જે. સોની તેમજ પ્રોહિબીશન ઈન્સ્પેક્ટર ડી.એમ. પરમાર સહિત ડીવાયએસપી એસ.જે. પટેલ અને પાંથાવાડા પી.એસ.આઈ. બી.એલ. વડુકર ઉપસ્થિત રહ્યા હતા. દારૂના નાશ ટાણે ડીવાયએસપી અને પીએસઆઈ પોતાના મોબાઈલ ફોનમાં વિડીયો ઉતારવામાં મશગુલ નજરે પડ્યા હતા.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

પાંથાવાડા પોલીસ દ્વારા જુદા જુદા આઠ ગુનાઓમાં છેલ્લા છ માસમાં ઝડપાયેલા રૂ. ૧,૨૧,૮,૧૦૦નો ૬૦,૮૨૩ નંગ બોટલ દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર પાંથાવાડા પોલીસ દ્વારા છેલ્લા છ માસ દરમિયાન અલગ અલગ ગુનાઓમાં રૂ. ૧,૨૧,૮૧૦૦ના દારૂના જથ્થાને ઝડપી

હિંમતનગરમાં ગુનાખોરીનો વધતો ગ્રાફ : પ્રજા અસલામત

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર શહેરના પોશ વિસ્તાર તરીકે જાણીતા મહાવીરનગર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વિદેશી દારૂનું વેચાણ, ઘરફોડ ચોરીઓ, છેડતીના બનાવો સાથે ચેઈન સ્નેચીંગના બનાવો વધતા ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. જેના કારણે પોશ વિસ્તારોમાં ગુનાખોરીનો ગ્રાફ વધતા છેલ્લા કેટલાક સમયથી પ્રજા અસલામતી અનુભવી રહી છે. જે સંદર્ભે મંગળવારે મહાવીરનગર વેપારી એસોસીએશન દ્વારા એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર અપાયા બાદ પોલીસ હરકતમાં આવી હતી અને પોલીસને ફરિયાદ નોંધવાની ફરજ પડી હતી હિંમતનગરના મહાવીરનગર વિસ્તારને પોશ વિસ્તાર ગણવામાં આવે છે.

દરમિયાન સોમવારે રાત્રે મહાવીરનગરના ગાયત્રી મંદિર રોડ પર બાઈક પર નીકળેલા બે લબરમુછીયા યુવાનોએ મહિલાનો ગળામાંથી ત્રણ તોલાના વજનનો સોનાનો દોરો તોડી ભાગી છુટતા દોડધામ મચી હતી. દરમિયાનમાં ઘટના સ્થળે એકત્ર થઈ ગયેલા લોકટોળાએ નજીકમાં આવેલા હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશને જઈ ઘટનાની જાણ કર્યા બાદ પણ પોલીસનું રૂવાડુંય ન ફરકતા દેકારો મચાવ્યો હતો. ત્યારબાદ ટાઉન પોલીસે મહાવીરનગર વેપારી એસોસીએશન દ્વારા આવેદનપત્ર અપાતા ચેઈન સ્નેચીંગની ઘટના સંદર્ભે મંગળવારે મામલો પોલીસ ચોપડે નોંધ્યો હતો. શહેરના પોશ વિસ્તારમાં સોમવારે રાત્રે બનેલી ચેઈન સ્નેચીંગની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર પ્રાંતિજની પાણી પુરવઠા બોર્ડની કચેરીમાં ઈજનેર તરીકે ફરજ બજાવતા રસિકભાઈ દેવાભાઈ પટેલ પત્નિ ભગવતીબેન સાથે જમી-પરવારી સોમવારે રાત્રિના સાડા દસેકના સુમારે લટાર મારવા નીકળ્યા હતા. તે દરમિયાન ૨૦થી ૨૨ વર્ષની ઉંમરના બે લબરમુછીયા યુવાનો ધૂમ સ્ટાઈલથી બાઈક પર નીકળી ગાયત્રી મંદિર માર્ગ પર પતિ સાથે ચાલતા જતા ભગવતીબેનના ગળામાંથી ત્રણ તોલા વજનનો સોનાનો દોરો તોડી પલભરમાં ભાગી છુટ્યા હતા.

દંપતિની બૂમરેણથી વસ્તી અવરજવરવાળા આ વિસ્તારમાં લોકો એકઠા થઈ ગયા હતા. પરંતુ ચેઈન સ્નેચરોને પકડવામાં ફામિયાબી મળી ન હતી. ચેઈન સ્નેચીંગની ઘટનાનો ભોગ બનનાર મહિલા અને તેના પરિવારજનો ઘટના સ્થળે એકત્ર થઈ ગયેલા લોકોએ નજીકમાં આવેલા એ-ડીવીઝન પોલીસ સ્ટેશને જઈ જાણ કરી હતી. પરંતુ ટાઉન પોલીસ સ્ટેશનના ફરજ પરના સ્ટાફ દ્વારા યોગ્ય સહકાર ન અપાતા ઉપસ્થિત લોકોએ હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ મંગળવારે સવારે ટાઉન પોલીસે મહિલાના પતિ રસિકભાઈ પટેલની ફરિયાદ આધારે રૂ. ૭૮૦૦૦ની કિંમતના ત્રણ તોલાના સોનાના દોરાની તફડંચીના મામલે ૨૦ થી ૨૨ વર્ષના બે અજાણ્યા યુવાનો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શહેરના કહેવાતા પોશ વિસ્તાર મહાવીરનગરમાં દિનપ્રતિદિન ગુનાખોરી વધી રહી છે. વિસ્તારનો શિક્ષિત અને વ્યવસાયી વર્ગ આ વિસ્તારમાં વિદેશી દારૂની હાટડીઓ સાથે નશાખોર યુવાનોના કેટલાક અડીંગા વધી રહ્યાનું કહી રહ્યો છે. છેડતી સાથે કેટલીક યુવતીઓ ઠઠ્ઠા-મશ્કરીઓના કિસ્સા વધી રહ્યા છે. દારૂ પીને બેફામ છાકટા બની બાઈકો પર ફરતા કેટલાક લુખ્ખા તત્વોનો ત્રાસ વધી રહ્યો છે. ત્યારે આ વિસ્તારની સલામતી દિનપ્રતિદિન જોખમાઈ રહ્યાનો અહેસાસ મહાવીરનગરના પોશ વિસ્તારમાં રહેતો વર્ગ કરી રહ્યો છે.

હિંમતનગરમાં ચેઈન સ્નેચીંગ સહિતની વધી રહેલી ઘટનાઓ અંગે મહાવીરનગર વેપારી એસોસીએશન દ્વારા જિલ્લા પોલીસ વડા, કલેક્ટર અને ટાઉન પી.આઈ.ને અપાયેલા આવેદનપત્રમાં જણાવાયુ છે કે રાત્રે ૧૦ વાગ્યા પછી મારફાડ ઝડપે દોડતા બાઈક સવારો અને મોટા વાહનોને નાથવા નગરપાલિકા દ્વારા બમ્પ મુકવામાં આવે તેમજ પોલીસ દ્વારા રાત્રી પેટ્રોલીંગ વધારવું જોઈએ તથા રાત્રે જ્યાં વધુ લોકો ઉપસ્થિત રહેતા હોય તેવા સ્થળે સીસી ટીવી કેમેરા મુકવા જોઈએ. જેમાં જરૂર પડે પ્રજા પણ સહયોગ આપશે.

વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોને તાલીમમાં હાજર રહેવા આદેશ

શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ ૨ એપ્રિલથી ૯ એપ્રિલ દરમિયાન ઉ.મા., વિ.પ્ર. સેમ-૨ની પરીક્ષા દરમિયાન જિલ્લાની તમામ શાળાઓના વિજ્ઞાન પ્રવાહના વિષયના શિક્ષકોને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન કુકસ ખાતે ફરજીયાત હાજર રહેવા આદેશ કરેલ છે. સવારે ૧૦.૩૦ કલાકથી સાંજે ૧૮.૩૦ કલાક દરમિયાન ૨ એપ્રિલના રોજ રસાયણ વિજ્ઞાન, ૪ એપ્રિલના રોજ જીવ વિજ્ઞાન, ૫ એપ્રિલના રોજ ગણિત અને ૭ એપ્રિલના રોજ ભૌતિક વિજ્ઞાનના વિષય નિષ્ણાતોએ હાજર રહેવા જણાવાયું છે.

કપટ ગામે શિતળા માતાનું પ્રાચિન મંદિર આવેલુ છે. જ્યાં દર ફાગણ વદ સાતમના દિવસે ભવ્ય લોકમેળો યોજાઈ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શિતળા માતાના ધામે ભવ્ય લોકમેળો યોજાયો હતો. હજારોની સંખ્યામાં મેળાને માણવા માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

પાટણ યુનિવર્સિટીમાં એન.એસ.યુ.આઈ.નો હંગામો

પાટણ, તા.૨૬

છેલ્લા ઘણા સમયથી સમગ્ર ગુજરાતમાં ચાલતી વિશ્વ વિદ્યાલયોમાં રાજકીય વ્યકિતઓના પ્રવેશ બાદ તેની સામાન્ય બેઠકમાં પણ અફડાતફડીનો માહોલ અને હોબાળા થવા અને પોલીસ બલાવવી એ સામાન્ય ઘટનાક્રમ બની ચુકયો છે. આવી જ કંઈક ઘટના આજે પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.દ્વારા સેનેટ સભ્યોની વાર્ષિક સભામાં બની હતી. સરકારી અતિથિ ગૃહ સામે આવેલ ગાંધીસ્મૃતિ હોલ ખાતે આજે બપોરે યુનિવર્સિટી કોર્ટ મળી હતી. જેમાં આ યુનિવર્સિટી સાથે સંલગ્ન સેનેટ મેમ્બરો ઉપરાંત યુનિ.ના વીસી.આર. એલ. ગોદારા, પ્રો. બી.સી. દીપુબા દેવડા, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર દિલીપભાઈ પટેલ સહિતનો

સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો ત્યારે કોર્ટ ચાલુ થતાની સાથે જ કેટલાક સેનેટ મેમ્બરો એ યુનિ.ના બેલેન્સ સીટ પર રૂ. ૩૩ કરોડનો હિસાબ મળતો ન હોવાની બાબતે જવાબ માંગ્યો હતો.

આ મુદ્દો પૂર્ણ થાય તે પહેલા જ વિદ્યાર્થી સંગઠન એન.એસ.યુ.આઈ.એ આ કોર્ટમાં ઘુસી જઈ કુલપતિ આર.એલ. ગોદારાને સેમીસ્ટર પ્રથા બંધ કરવા બાબતે એક આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું અને અડધા કલાક સુધી ભારે હોબાળો મચાવ્યો હતો. આથી યુનિ. દ્વારા પોલીસ બોલાવવાની ફરજ પડ હતી. આ અરસામાં પોલીસ આવે તે પહેલા જ સેનેટ સભ્ય રશ્મિકાંત પટેલ અને વિદ્યાર્થી સંગઠનના કેટલાક આગેવાનો સાથે ઉગ્ર ભાષામાં બોલાચાલી થતા મામલો બિચકયો હતો. આથી કોર્ટ બંધ કરવાની ફરજ પડી હતી.

લોભામણી લાલચ આપી ૮૭.૫૨ લાખ ચાઉ કરનાર શિવગૃપના સંચાલકો સામે ફરીયાદ

ઈનામની વસ્તુઓ તેમજ નાણા પરત આપવા ડીસાના ગ્રાહક સુરક્ષા મંડળે ફરીયાદ નોંધાવી

ડીસા, તા. ૨૬

ડીસા પંથકમાં લાખો કરોડોના ઈનામોની લાલચ આપી અસંખ્ય ગ્રાહકો સાથે ઠગાઈ કરનાર શીવગૃપના સંચાલકો સામે જાગૃત નાગરીક ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ડીસા શહેર પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા તાલુકાના માલગઢ ગામે રામાપીરના મંદિર પાસે જોધપુરીયા ઢાણીમાં રહેતા પન્નાલાલ ચમનાજી અને અમરતભાઈ નામના ઈસમોએ ડીસા ખાતે સાઈરામ કોમ્પલેક્ષ ગાયત્રી મંદિર પાછળ દુકાન ખોલી કોઈપણ પ્રકારની પરવાનગી વિના ચોપડીઓ છપાવી સરકારમાન્ય સંસ્થા શીવગૃપના નામે લોભામણી આપી હપ્તા પદ્ધતિથી નાણા ઉઘરાવી લક્કી ડ્રોના નામે રૂ. ૮૭,૫૨,૫૦૦ ઉઘરાવ્યા હતા અને જ્યારે ડ્રો આપવાનો સમય આવ્યો ત્યારે સંચાલકોએ ઓફીસને તાળા મારી દીધા હતા અને પોતાના મોબાઈલ બંધ કરી દીધા હતા. ઠગાઈનો ભોગ બનેલ ગ્રાહકો પૈકી ૬૯ ગ્રાહકોએ શ્રી જાગૃત નાગરીક ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ કિશોરભાઈ દવેએ શિવગૃપના સંચાલકોને નોટીસ પાઠવી ગ્રાહકોને લાગેલા ડ્રોના ઈનામ અથવા તો નિશ્ચિત નાણા પરત આપવા સુચન કરેલ પરંતુ વસ્તુઓ તેમજ નાણા પરત ન આપતા ગ્રાહકે સુરક્ષા મંડળના પ્રમુખ કિશોરભાઈ દવેએ શિવગૃપના સંચાલકોને નોટીસ પાઠવી ગ્રાહકોને લાગેલા ડ્રો ના ઈનામ અથવા તો નિશ્ચિત નાણા પરત આપવા સુચન કરેલ પરંતુ વસ્તુઓ તેમજ નાણા પરત ન આપતા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ કિશોરભાઈ દવેએ શિવગૃપના સંચાલકો પન્નાલાલ ચમનાજી, અમરતભાઈ તેમજ શિવ એસો., મુ. ખંભાત, જી. આણંદના ટ્રસ્ટીઓ, સંચાલકો અને હોદ્દેદારો વિરૂદ્ધ ડીસા શહેર ઉત્તર પોલીસમાં ફરીયાદ આપતા પી.આઈ. રાઠોડે ઈપીકો કલમ ૪૦૭, ૪૨૦ તેમજ ધી પ્રાઈઝ ચીટ એન્ડ મની સરક્યુલેશન રકમ એક્ટ ૧૯૭૮ની કલમ ૩, ૪ અને ૫ મુજબ ગુનો નોંધેલ છે જેની વધુ તપાસ પી.એસ.આઈ. આસોડીયા ચલાવી રહ્યા છે.

ઈડરની યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જાપાનીઝ સિધ્ધાંત 'કાઈઝન'નું અમલીકરણ

ઈડર, તા.૨૬

ઈડરની યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ગ્રામ્ય વિસ્તારના બાળકોના સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે પ્રેરણારૂપ બની રહી છે. આ સ્કૂલના પ્રેરણામૂર્તિ સ્વ. એન.કે. પટેલની પુણ્યતિથી ૨૧મી માર્ચે ઉત્કૃષ્ટતા માટે જાપાનીઝ 'કાઈઝન'ના સિધ્ધાંતનું અમલીકરણની શરૂઆત કરીને અનોખી શ્રધ્ધાંજલી આપવા પ્રયત્ન કરાયો છે. આ પ્રસંગે જાપાનની હીટાચી કંપનીના હ્યુમન રીસોર્સ નિષ્ણાંત ટાકેશી શીમોમુરા ઉપસ્થિત રહ્યા હતાં.

સ્વ. એન.કે. પટેલ પ્લાસ્ટિક મેન્યુફેકચરિંગ મશીનરી ઈન્ડસ્ટ્રીઝમાં ખૂબ મોટું નામ ધરાવે છે. ઉત્તર ગુજરાતના નાનકડા ગામના ખેડૂત પરિવારમાંથી તેમણે પોતાના જીવનની શરૂઆત કરી અને ઉદ્યોગ સાહસિક તરીકે વૈશ્વિક સ્તરે નામના મેળવી હતી. તેમની પ્રેરણાથી યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોને ૨૧મી સદીમાં વૈશ્વિક સફળતા માટે જરુરી જ્ઞાન, કૌશલ્યો અને અભિગમ પ્રાથમિક કક્ષાએથી જ કેળવવા પ્રયત્નો કરાઈ રહ્યા છે. સ્વ. એન.કે. પટેલ 'કાઈઝન'ના સિધ્ધાંતના અમલીકરણ માટે ખૂબ જ આગ્રહી હતા. આ કારણથી યુનિક યુ સ્કૂલે તેમની પુણ્યતિથીએ 'કાઈઝન'ના અમલીકરણનો પ્રારંભ કરાયો હતો.

હિંમતનગર ગામે વીજલાઈનને કારણે ખેતરના ઉભા પાકમાં આગ ભભૂકી

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર તાલુકાના હિંમતપુર ખાતે ગામના જ એક ખેડૂતના ખેતરમાં ઘઉંના ઉભા પાકમાં વીજ વાયરોને લીધે આગ ભભૂકી ઉઠી હતી. આથી સમગ્ર ખેતરમાં પાક બળીને ખાખ થઈ ગયો હતો.

હિંમતનગર તાલુકાના હિંમતપુર ગામે રહેતા રમેશભાઈ શંકરભાઈ પટેલનું ગામની સીમમાં જ ખેતર આવેલું છે. જ્યાં ખેતરમાં આ વર્ષે ખેડૂત દ્વારા ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું.

દરમિયાન ઘઉંનો પાક સંપૂર્ણપણે તૈયાર થઈ ગયો હતો ત્યારે આજ ખેતર ઉપરથી પસાર થતા વીજ વાયરોમાં તણખા થતા તે તણખા ઘઉંના ઉભા પાકમાં પડતા ધીમે ધીમે સમગ્ર ખેતરમાં આગ ભભૂકી ઉઠી હતી જેમાં ખેડૂતનો સંપૂર્ણ ઉભો પાક બળીને ખાખ થઈ ગયો હતો. આથી ખેડૂતને અંદાજે રૂ. ૫૫,૦૦૦ નું નુકશાન થવા પામ્યું હતું. આ અંગે ખેડૂતે પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પાલોદર ખાતે શ્રી ચોસઠ જોગણી માતાજીનો શુકનમેળો યોજાશે

મહેસાણા, તા. ૨૬

મહેસાણા તાલુકાના પાલોદર ગામે આગામી ૨૭ અને ૨૮ એપ્રિલ ૨૦૧૪ના રોજ ખેડૂત જીવનને સ્પર્શતો શુકન મેળો અને મહાકાળી માતાજીની સગડીઓ નીકળવાની છે. ભારત કૃષિપ્રધાન દેશ છે. દરેકની નજર સારા ચોમાસામાં પર મંડાયેલી છે. અનુભવી ખેડૂતો, ઋતુ વિજ્ઞાનના જાણકારો કુદરતી વાતાવરણમાં થતાં ફેરફાર, આકાશી વાદળના ડુંવાળા, કોરમણી હતાશનીની, અગ્નિ જ્વાળા, પવનની દિશા અખાત્રીજનો પવન સહિતના અવલોકન પરથી આગામી ચોમાસા અંગેની ધારણા બાંધવામાં આવે છે.

ચોમાસાના એંધાણ અંગે સૌથી મહત્વ ધરાવતા સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતના શુકન મેળાઓ પૈકી શ્રી ચોસઠ જોગણી માતાજી પાલોદરનો શુકનમેળો સૌથી આગવું સ્થાન ધરાવે છે.

મહેસાણાની ઉત્તરે ૪ કિ.મી.ના અંતરે આવેલ પાલોદર ગામે હોળી બાદ અગિયારમા બારમા દિવસે શ્રી ચોસઠ જોગણી માતાજીનો ખેડૂત જીવનને સ્પર્શતો શુકનમેળો યોજાય છે.

આ વર્ષે ગુરૂવાર અને શુક્રવારના રોજ પાલોદર ગામે શુકનમેળો યોજાવાનો છે. પ્રથમ દિવસે યર્જુવેદમાં દર્શાવેલ ઈન્દ્રપુજામાં ભાગ અંતર્ગત જોવાતા શુકન અનુસાર સવારમાં સુતાર હળ બનાવવા, લાકડુ લેવા જાય, સવારના હળોતરા વિધિ માટે વણકરો દ્વારા ઘેરઘેર કાચા સુતરની કોકડીઓ અપાય, બપોરના સમયે શ્રી માતાજીના ચોકમાં ભવાયા દ્વારા રાવણામાં લોકકથા પ્રારંભ થાય, માળી ફુલહારના કરંડિયા લઈ આવે માતાજીને હાર પહેરાવે તેમજ રાવણામાં બેસેલ ખેડૂતો પૈકી એકના શિરે શેર (હાર) નાંખે ખેડૂતો શણની રાશ વણે પનિહારીઓ દ્વારા શુકલ અને કૃષ્ણપત્ર એમ બે ભાગમાં ખૂણેથી પાણી સીંચીને પાંચ પાંચ ફેરા, પાણીના બેડાં ભરી માઢ ચોતરે મુકેલ ગોળીઓમાં રેડાય, બાદમાં હળોતરા વિધિ થાય વાદળીઓ પાણી વરસાવે.

સમગ્ર વાતાવરણમાં ધાણી બાજરીના નાદથી ગુંજી ઉઠે. સમગ્ર પ્રક્રિયા દરમ્યાન નિરિક્ષણ બારીક અવલોકન બાદ આગામી ચોમાસાનો વરસાદ, કૃષિ પાકો, કૃષિ રોગ સહિતનો વર્તારો નીકળે છે.

બીજા દિવસે બપોરે માતાજીના ચોકમાં રાવણામાં ભવાયા દ્વારા કથાનો આરંભ થાય. સાંજના પાંચેક વાગ્યાના સુમારે ભાયા દ્વારા મહાકાળીનો વેશ ધારણ કરી કુંભારવાસથી બન્ને હાથમાં સળગતી સગડીઓમાં ઘી રેડાતા જ હોય છે. સગડીઓની અગ્નિ જ્યોત તથા આનુસાંગિક બનાવ પરથી લોકસુખાકારી રાજકીય સામાજિક આર્થિક પ્રવાહો અંગેની ધારણા બાંધવામાં આવે છે.

જિલ્લા માહિતી કચેરી ખાતે મિડીયા રૂમ શરૂ કરાયો

મહેસાણા, તા.૨૬

મહેસાણા જિલ્લા માહિતી કચેરી ખાતે મિડીયા મેનેજમેન્ટ કમિટી દ્વારા મિડીયા રૂમ શરુ કરવામાં આવ્યો છે. જાહેર જનતાને ચૂંટણીલક્ષી માહિતી મળી શકે તે માટે વિવિધ ચૂંટણી સભર માહિતી આપવામાં આવી છે. જેમાં દેશ ભરમાં વિવિધ સ્થળોએ યોજાનાર ચૂંટણીની તારીખોની માહિતી, મહેસાણા જિલ્લાના મતદારો, મહેસાણા જિલ્લાના ચૂંટણીમાં કાર્ય કરતા અધિકારીશ્રીઓ સંપર્ક નંબરો, ચૂંટણીમાં આચારસંહિતા પાલનના નિયમો, ઉમેદવારોના ખર્ચ અંગે કાયદાકીય જોગવાઈ, ચૂંટણી કાર્યપધ્ધતિ, રોકડ રકમની હેરાફેરી જિલ્લાના નોડલ અધિકારીશ્રીઓ, ૧૯૫૧ થી ૨૦૦૯ સુધી યોજોયલ ચૂંટણી અને સરકારની મહિતી, પેઈડ ન્યુઝ અંતર્ગત માહિતી, આદર્શ આચાર સંહીતાના પાલન માટેની જોગવાઈ સહિત વિવિધ માહિતી આપવામાં આવી છે. આ મિડીયા રૂમનો લાભ મેળવવા લોકોને ખાસ અપીલ કરાઈ છે તેમ નાયબ માહિતી નિયામક મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

ખેડબ્રહ્માના લાલસિંહ કંપામાંથી એરંડાની ઉઠાંતરી

ખેડબ્રહ્મા તાલુકાના લાલસિંહજી કંપા ખાતે આવેલા મકાઈ સંશોધન કેન્દ્રમાંથી કોઈ ચોર ઈસમો એરંડાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના લાલસિંહજી કંપા ખાતે મકાઈ સંશોધન કેન્દ્ર આવેલ છે. જયાં ગત ૧૦મી માર્ચ ૨૦૧૪ના રોજ સંશોધન કેન્દ્રના કંપાઉન્ડમાં ૨૫૦ કિલો ગ્રામ જેટલા એરંડાનો જથ્થો પડયો હતો. જેની અંદાજિત રૂ. ૯૦૦૦ની કિંમતના એરંડા કેટલાક ચોર ઈસમો ઉઠાંતરી કરી લઈ ગયા હતા. આ સંદર્ભે મુકેશકુમાર દેવકરણ ચૌહાણને જાણ થતા તેમણે તુરંત ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આથી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧